ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૮/૨૧-૨૨/ 566 તારીખ : 18 FEB 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૮/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી નાડોદા રાયમલભાઈ ખોડાભાઈ,**
**મું.બાળા,**
**તા.વઢવાણ,**
**જી.સુરેન્દ્રનગર.**

**મો.નં-૯૪૦૮૯ ૪૦૪૦૯.**

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૩/૧૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૬/૧૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૮/૨૧-૨૨/૩૬૫૮ તા.૦૮/૧૨/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૮/૨૧-૨૨/૧૨૨ તા.૧૩/૦૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ~~ગ્રામ્ય~~ પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૮/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી નાડોદા રાયમલભાઈ ખોડાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૧/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી નાડોદા રાયમલભાઈ ખોડાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રીમતી જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નાડોદા રાયમલભાઈ ખોડાભાઈ, મું. બાળા, તા.વઢવાણ, જી. સુરેન્દ્રનગર ની નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૮/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૮/૨૧–૨૨/૩૬૫૮ તા.૦૮/૧૨/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૭/૦૧/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી નાડોદા રાયમલભાઈ ખોડાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રીમતી જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી નાડોદા રાયમલભાઈ ખોડાભાઈ, વઢવાણ તાલુકાના બાળા ગામના વતની છે. તેઓ દ્વારા રેવન્યુ સર્વે નં–૧૧૨૦/૨ ની જમીન પર તા.૧૫/૪/૨૦૧૯ ના રોજ વિજ કનેકશન માટે અરજી કરેલ હતી.

૧.૨ વાદી ની રજૂઆત છે કે, ખેતીવાડી વિજ કનેકશન માટે અરજી મંજૂર થતા તે માટેનું અંદાજપત્ર રૂા.૮૦૫૩/– વિજ કચેરી દ્વારા તા.૫/૧૦/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ હતું. જે અંદાજપત્ર ની રકમ રૂા.૮૦૫૩/– તા.૨/૧૧/૨૦૨૦ ના રોજ રસીદ નં–૧૫૨૯૪૯/૫૦/૫૧ થી ભરપાઈ કરેલ.

૧.૩ વાદી ની રજૂઆત છે કે, વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર ની રકમ નિયત સમયમાં ભરેલ હોવા છતાં, તા.૩/૧૨/૨૦૨૧ સુધી ઘણો સમય વિતિ ગયો હોવા છતાં, નવું વિજ કનેકશન વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત છે કે,</u>

૨.૧ સદર ખેતીવાડી વિજ કનેકશન માટે વાદી દ્વારા જરૂરી અંદાજપત્ર ની રકમ રૂ.૮૦૫૩/- ભરેલ હતા.

૨.૨ અન્ય ગ્રામજનો દ્વારા વાંધો લેતા વિજ કનેકશન આપવા માટે ની જરૂરી કાર્યવાહી થઈ શકેલ નથી, જે આપ સાહેબ ની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

3.૧ અરજદાર શ્રી નાડોદા રાયમલભાઈ ખોડાભાઈ, વઢવાણ તાલુકાના બાળા ગામના વતની છે. તેઓ દ્વારા રેવન્યુ સર્વે નં–૧૧૨૦/ ૨ ની જમીન પર તા.૧૫/૪/૨૦૧૯ ના રોજ વિજ કનેકશન માટે અરજી કરેલ હતી.

3.૨ વાદી ની રજૂઆત છે કે, ખેતીવાડી વિજ કનેકશન માટે અરજી મંજૂર થતા તે માટેનું અંદાજપત્ર રૂા.૮૦૫૩/– વિજ કચેરી દ્વારા તા.૫/૧૦/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ હતું. જે અંદાજપત્ર ની રકમ રૂા.૮૦૫૩/– તા.૨/૧૧/૨૦૨૦ ના રોજ રસીદ નં–૧૫૨૯૪૯/૫૦/૫૧ થી ભરપાઈ કરેલ. આમ, વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર ની રકમ નિયત સમયમાં ભરેલ હોવા છતાં, તા.3/૧૨/૨૦૨૧ સુધી ઘણો સમય વિતિ ગયો હોવા છતાં, નવું વિજ કનેકશન વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ નથી.

3.3 પ્રતિવાદીની રજૂઆત છે કે સદર ખેતીવાડી વિજ કનેકશન માટે વાદી દ્વારા જરૂરી અંદાજપત્ર ની રકમ રૂા.૮૦૫૩/– ભરેલ હતા. પરંતુ અન્ય ગ્રામજનો દ્વારા વાંધો લેતા વિજ કનેકશન આપવા માટે ની જરૂરી કાર્યવાહી થઈ શકેલ નથી, જે આપ સાહેબ ની જાણ સારૂં.

3.૪ આજરોજ સુનાવણી દરમ્યાન પ્રતિવાદી એ જણાવેલ છે કે, બીજા ઈશ્વરભાઈ આંબાભાઈ અને મેહુલભાઈ ના વિરોધ ને લીધે કામકાજ બંધ રખાવેલ છે. જે બાબતે પ્રતિવાદી દ્વારા પત્ર નં–એચઆરએસઈડી/ટેક/૬૧૧૫ તા.૧૫/૧૨/૨૧થી કલેકટરશ્રી, સુરેન્દ્રનગર ને સમગ્ર કેસ મંજૂરી માટે રીફર કરવામાં આવેલ છે. જેનો નિકાલ થયે, આગળની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ જણાવેલ છે.

3.૫ સુનાવણી દરમ્યાન નાડોદા રાયમલભાઈ ખોડાભાઈ ના જણાવ્યા અનુસાર નવી ઉભી થયેલ લાઈનમાંથી અગાઉના સર્વે માં થોડોક ફેરફાર કરી, જો લાઈન ઉભી કરવામાં આવે તો, તેમને વિજ જોડાણ આપી શકાય તેમ છે. આ બાબતે પ્રતિવાદી ને સ્થળ ચકાસણી કરી તાંત્રિક રીતે શકય હોય તો, તે મુજબ અન્ય વૈકલ્પીક રૂટ પર લાઈન ઉભી કરી ફરીયાદ નું નિરાકરણ કરવા સૂચના આપવામાં આવે છે. આ બાબતે સ્થળ મુલાકાત ની જરૂરી કાર્યવાહી દિવસ–૭ માં કરી, આગળની કાર્યવાહી હાથ ધરવા પીજીવીસીએલ ને જાણ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન. સી. મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૭/૦૧/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar